# સાથે રમવું

આપલે કરવી, વારો લેવો, વાતચીત કરવી, આરામદાયક રહેવું અને અન્ય લોકો સાથે મિત્રો બનવું આ જીવનપયર્ંત ચાલનારી આવડતો છે પરંતુ તે શીખવામાં કેટલોક સમય લાગે છે! તમે તમારા બાળક સાથે રમીને, અથવા મિત્રો કે કુટુંબીજનો સાથે રમવાની તારીખો નિધાર્રિત કરીને, કાં રૂબરૂમાં અથવા તો FaceTime કે WhatsApp મારફતે, બાળકને આ મહત્વની આવડતો શીખવા મહાવરો કરીને મદદ કરી શકો છો.



**સ્ટાર ટિપ**
બધાં બાળકો જુદા હોય છે! કેટલાક અન્ય બાળકો કરતા વધારે ચપળ અને આત્મવિશ્વાસથી ભરપૂર હોય છે – સરખામણી અને ચિંતા ના કરો – તમને ખબર છે કે તમારું બાળક શ્રેષ્ઠ છે તેથી તેઓને જોઇતી સહાયતા અને પ્રોત્સાહન આપો.

**શું તમને ખબર છે** કે અન્ય લોકો સાથે રમવાનું શીખવું એ બાળકોની અંગત, સામાજિક અને ભાવનાત્મક વિકાસ માટે મહત્વનું છે? તેનાથી તેઓને એ શીખવામાં પણ મદદ મળે છે કે અન્ય લોકો લાગણીઓ અને વિચારો ધરાવતા હોય છે જે તેઓના પોતાના કરતા જુદા હોય છે.




બાળકો ઘણી જુદી જુદી રીતે રમતા હોય છે:

- તેઓની જાતે રમવું
- અન્ય બાળકોને રમતા જોવા
- અન્ય લોકોની સાથે રમવું; સરખી પ્રવૃત્તિ કરવી પરંતુ સાથે જોડાવવું નહીં
- અન્ય લોકો શું રમી રહ્યાં છે અને સાથે ચેટ કરવાની શરૂઆત કરી રહ્યા છે તેમાં વધારે રસપ્રદ રહેવું
- સાથે રમવું, સામાન્ય રીતે એક નાના સમૂહમાં



**સ્ટાર ટિપ**
તમારું બાળક પોતાના મિત્રો બનાવવાનું શરૂ કરે એટલે તેને પોતાનો વિશ્વાસ વધારવા પ્રોત્સાહિત કરો અને વારંવાર આશ્વાસન આપો.